# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
## એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૨
## (તારીખઃ ૧૭/૦૭/૨૦૨૬, શુક્રવાર)
## કાર્યનોંધ

**એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૨, તારીખઃ ૧૭/૦૭/૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલયમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

**ક્રમ સભ્યશ્રીઓના નામ**

(૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
(૨) ડૉ. ભાઈલાલભાઈ પી. પટેલ (કુલસચિવશ્રી)
(૩) ડૉ. દિપ્તીબેન બી. શાહ
(૪) શ્રી કલ્પેશકુમાર રોહિતકુમાર ત્રિવેદી
(૫) ડૉ. દર્શનભાઈ બી. ચોકસી
(૬) ડૉ. પિનાકીનીબેન ડી. પંડયા
(૭) ડૉ. ભાવનાબેન જર્નાદન પરમાર
(૮) ડૉ. ઘનશ્યામસિંહ સોઢા
(૯) શ્રી રાજેન્દ્રકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલ

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામ**

(૧) શ્રી નિશાંત વિક્રમભાઈ પટેલ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી અને કુલપતિશ્રીએ સૌને આવકાર્યા.

**(સિન્ડિકેટ વિભાગ)**

૧. તારીખ:**૧૫/૦૬/૨૦૨૬ને સોમવાર**ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૧**ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૧ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬ને સોમવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૧ ની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખ:**૧૫/૦૬/૨૦૨૬ને સોમવાર**ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૨૧**માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લેવા બાબત. **(બિડાણઃ ૨)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬ને સોમવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૧ માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લીધી.**

**(સિન્ડીકેટ વિભાગ)**

**કુલપતિશ્રીએ મંજુર કરેલા કાર્યની માહિતીઃ**

૩. સેકશન અધિકારી ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના તારીખઃ૦૯/૦૬/ ૨૦૨૬ના ઠરાવ ક્રમાંકઃ ED/૦૩૩૪/૦૬/૨૦૨૬ નામાભિધાન/૨૦૨૬-૨૭થી સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ, તારાપુરનું નવું નાકરણ **"સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, તારાપુર"** નામ રાખવા માટે મંજૂરી આપવા અર્થે રજૂ.

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(જનરલ વિભાગ)**

૪. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા થઇ રહેલ પ્રશંસનીય કાર્યોની તેમજ સમાજના ઉત્કર્ષ અને સશક્તિકરણ માટે પ્રતિબધ્ધ સંસ્થા તરીકે અસરકારક શૈક્ષણિક પહેલને ટેકો આપવા માટે અંબાલાલ હરજીવનદાસ પટેલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, આમદાવાદ દ્વારા બે વર્ષ માટે રૂા. ૫૦,૦૦,૦૦૦/-નું દાન સરદાર પટેલ યુનિવર્સિટીને ફાળવેલ છે, જેમાંથી પ્રથમ વર્ષ માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ લાખ પુરા) નું માતબર દાન સરદાર પટેલ યુનિવર્સિટીને રસીદ નંબર : ૦૦૧૩૮૪૬ તા. ૨૯/૦૬/૨૦૨૬થી પ્રાપ્ત થયેલ છે. જેની નોંધ લેવા બાબત.

(નોંધઃ૧. ભંડોળનો મુખ્ય ઉદ્દેશ એવી પ્રવૃત્તિઓ કૌશલ્ય વિકાસ (સ્કીલ ડેવલપમેન્ટ) મોડ્યુલ અને પ્રેક્ટીકલ પ્રોજેક્ટ્સ માટે કરવાનો છે, જે મોટી સંખ્યામાં લોકોને કાયમી આજીવિકા પૂરી પાડી શકે અને સાચુ શિક્ષણ એ જ છે જે વિદ્યાર્થીઓને પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ કરવા માટે સીધા માધ્યમો પુરા પાડે.

૨. પ્રોજેક્ટની દરખાસ્તો તૈયાર કરવા માટે બે વર્ષ માટે પ્રથમિક ભંડોળ રૂા.૫૦,૦૦,૦૦૦/- ફાળવેલ છે. જેમાંથી પ્રથમ વર્ષ માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/- યુનિવર્સિટીમાં રસીદ નંબરઃ ૦૦૧૩૮૪૬ તા. ૨૯/૦૬/૨૦૨૬થી પ્રાપ્ત થયેલ છે.

૩. દાતાશ્રીની વિનંતી અનુસાર ફાળવેલ બજેટને ધ્યાને રાખી આજીવિકા ઉભી કરવાના આ માપદંડને પૂર્ણ કરતા હોય તેવા પ્રોજેક્ટની વિસ્તૃત દરખાસ્તો (પ્રપોઝલ) અથવા પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરીને એક મહિનામાં ટ્રસ્ટને સમીક્ષા માટે મોકલી આપવી જેથી ઉદ્દેશને સુસંગત હોય તેવા પ્રોજેક્ટને સત્વરે તેઓ દ્વારા મંજુરી આપી શકાય.

૪. વધુમાં તેઓ જણાવે છે કે આ વર્ષના શરૂઆતના પ્રોજેક્ટસના સફળ અમલીકરણ અને તેના હકારાત્મક પરિણામોને ધ્યાને રાખીને બે વર્ષ પછી વધુ અને મોટા પાયા પર ભંડોળ ફાળવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા થઇ રહેલ પ્રશંસનીય કાર્યોની તેમજ સમાજના ઉત્કર્ષ અને સશક્તિકરણ માટે પ્રતિબધ્ધ સંસ્થા તરીકે અસરકારક શૈક્ષણિક પહેલને ટેકો આપવા માટે અંબાલાલ હરજીવનદાસ પટેલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, આમદાવાદ દ્વારા બે વર્ષ માટે રૂા. ૫૦,૦૦,૦૦૦/-નું દાન સરદાર પટેલ યુનિવર્સિટીને ફાળવેલ છે, જેમાંથી પ્રથમ વર્ષ માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ લાખ પુરા) નું માતબર દાન સરદાર પટેલ યુનિવર્સિટીને રસીદ નંબરઃ ૦૦૧૩૮૪૬ તા.૨૯/૦૬/૨૦૨૬થી પ્રાપ્ત થયેલ છે. જેની નોંધ લીધી તેમજ સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

(એકેડેમિક વિભાગ)

૫. કા. આચાર્યશ્રી, સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ, બાકરોલના તારીખઃ ૨૨/૬/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ SPCC/Corres/432/26થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Nidhiben Bhaveshkumar Pandya<br>B.Com. March,2014 CGPA : 6.20<br>M.Com. June,2021 67.87%<br>**GSET (Commerce) January, 2026**<br>College Joining Date : 18/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100<br>(6,000 AGP). | Assistant Professor in Commerce | લાયકાત ધરાવે છે. |
| 2. | Nikita Nikunjkumar Soni (Nikita Ganesh Sharma)<br>B.Com. April, 2011 70.66%<br>M.Com. (Adv. Acc.) April, 2025<br>CGPA: 8.50<br>**GSET (Commerce) January, 2026**<br>College Joining Date : 18/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100<br>(6,000 AGP). | Assistant Professor in Commerce | લાયકાત ધરાવે છે. |

નોંધઃ (૧) ઉપરોકત અધ્યાપક આઇકયુએસી વિભાગના (૧) પત્ર નં. IQAC/API/2026-27/1051 dated : 10.5.2026 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ કોલેજ ઓફ કોમર્સ, બાકરોલની ઉપરોકત ક્રમાંકઃ ૧ અને ૨ માં કરેલ અધ્યાપકોની નિમણૂંકોને માન્યતા આપવામાં આવી.**

(એકેડેમિક વિભાગ)

૬. આચાર્યશ્રી, સરદાર પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એપ્લાઇડ સાયન્સ, બાકરોલના તારીખઃ ૨૨/૬/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ SPIAS/Corres/2017/2026થી સદર કોલેજમાં નીચે દર્શાવેલ અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| 1. | Bhaveshkumar Revabhai Parmar<br>B.Sc. (Biochemistry) April,2021<br>CGPA : 5.33<br>M.Sc. (Biomedical Science) April, 2024<br>CGPA : 7.04<br>**GSET (Life Sciences) January, 2026**<br>College Joining Date : 22/6/2026<br>Basic Pay Rs. 15,600 to 39,100<br>(6,000 AGP). | Assistant Professor in Biotechnology | લાયકાત ધરાવે છે. |

નોંધઃ (૧) ઉપરોક્ત અધ્યાપક આઈક્યુએસી વિભાગના (૧) પત્ર નં. IQAC/API/2026-27/1026 dated : 29.4.2026 મુજબ એલિજીબલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાઈડ સાયન્સ, બાકરોલની ઉપરોક્ત કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતીઃ-**

૭. યુનિવસીર્ટીના એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં આસીસ્ટન્ટ પ્રોફેસર (S.G) તરીકે ફરજ બજાવતા ર્ડા.રીના એન.વ્હોરાએ તેમના તારીખ ૩૦/૦૬/૨૦૨૬ ના પત્રથી અમેરીકા જવા તારીખ : ૧૬-૦૭-૨૦૨૬ થી તારીખ ૧૩/૦૯/૨૦૨૬ સુધીની કુલ ૬૦ હક્કરજાઓ મંજુર કરવા કોલેજના આચાર્યશ્રી મારફતેથી કરેલ વિનંતી મંજુર કરતા મા.કુલપતિશ્રીએ સદર બાબત આ કાર્યાલયની તારીખઃ ૦૨/૦૭/૨૦૨૬ થી મંજૂર કર્યાના;

(નોંધઃ ઉપરોક્ત બાબતની ર્ડા. રીના એન. વ્હોરા આ કાર્યાલયના તારીખઃ ૦૬-૦૭-૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ બી/પી/આરએનવી/૨૨૨૭ થી જાણ કરી દીધેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

**(જનરલ વિભાગ)**

૮. Union Bank of India., અને Sardar Patel University (Vallabh Vidyanagar, Gujarat) વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU) ની નોંધ લેવા બાબત તેમજ આ Memorandum of Understanding (MOU) અંગેની કાર્યવાહી Accounts Section, Sardar Patel University દ્વારા કરવાની રહેશે. **(બિડાણઃ૩)**

**આથી ઠરાવવામાં આવે છે કે Union Bank of India., અને Sardar Patel University (Vallabh Vidyanagar, Gujarat) વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU) ની નોંધ લેવામાં આવી તેમજ આ Memorandum of Understanding (MOU) અંગેની કાર્યવાહી Accounts Section, Sardar Patel University દ્વારા કરવાની રહેશે.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૯. મેનેજીંગ મંત્રીશ્રી, શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હયુમન રાઈટ્સ, આણંદ દ્વારા સંચાલીત આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **B.A. LL.B. Integrated Course (5 Years)**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંકઃ APMS/292/2025-26 તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૪)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Need to appoint regular Principal
- Comply with BCI Guidelines.

૯.૧ મેનેજીંગ મંત્રીશ્રી, શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હ્યુમન રાઇટ્સ, આણંદ દ્વારા સંચાલીત આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **B.Sc. LL.B. Integrated Course (5 Years)**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંકઃ APMS/291/2025-26 તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૪.૧)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Need to appoint regular Principal
- Comply with BCI Guidelines.

૯.૨ મેનેજીંગ મંત્રીશ્રી, આણંદ કોલેજ ઓફ લીગલ સ્ટડિઝ, આણંદ દ્વારા સંચાલીત શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદમાં જૂન-૨૦૨૫થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **LL.B (Second Additional Division)**નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંકઃ Acls/2024-25/155 તારીખઃ ૨૯/૦૧/૨૦૨૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૪.૨)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Regular post of Principal needs to be filled up.
- New books and journals, as per the requirements of the additional division, should be added.
- Approval process from university for remaining faculty members, may be carried out.

૯.૩ મેનેજીંગ મંત્રીશ્રી, અશોક ભટ્ટ કોલેજ ઓફ લૉ, ઉમરેઠ દ્વારા સંચાલીત શારદા સેવા સંસ્થાન, અમદાવાદમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **LL.B** નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંકઃSSS/140/2026 તારીખઃ ૧૦/૦૨/૨૦૨૬થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૪.૩)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Comply with the guidelines of BCI, Government of Gujarat along with SPU.

૯.૪ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ધી ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી-આઇ. પી. મિશન ટ્રસ્ટ, સંચાલિત કેર ઇન્સ્ટીટયુટ ઓફ લીગલ સ્ટડિઝ, આણંદમાં જૂન-૨૦૨૫થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **LL.B (Second Additional Division)**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંક નંબરઃKERR/૨૮/૨૦૨૫-૨૬ના તારીખઃ૧૨/૦૭/૨૦૨૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૪.૪)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Legal Centre need to appoint regular principal as per UGC, BCI, and S. P. University Norms.
- Four faculty has to required teacher recognition from S. P. University.
- Legal centre must comply strictly all the guideline imposed by BCI such as Law Software, Books and journals investment as per BCI guidelines.

૯.૫ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, શિવમ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વસાલણ સંચાલિત શિવમ ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, વલાસણમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **P. B. B.Sc. Nursing** નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંક નંબરઃ 121/2025ના તારીખઃ૩૦/૧૦/૨૦૨૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૪.૫)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Institute Need to take permission from I.N.C. Delhi for all program.
- Need to appoint teaching staff, professor- 2, Associate professor -2, tutor -10-12.
- Need to take permission /MOU from other hospitals more the 100 beded under 30 km radius.
- In library more nursing books & journals required for all program.
- All teaching compulsory required NUID No & Add GNC.
- In laboratory equipment & articles required as per the Norms.
- Hand washing facility required in all the labs.
- All the teaching staff compulsory do the biometric attendance daily.

૯.૬ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, તાલુકાદારી હોસ્ટેલ ટ્રસ્ટ, નડિયાદ સંચાલિત વિનાયકા કોલેજ ઓફ નર્સિંગ, નડિયાદમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **P. B. B.Sc. Nursing**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંક નંબરઃ વીસીએન/૨૦૨૫/૩૭૪૨ના તારીખઃ૧૦/૧૧/૨૦૨૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૪.૬)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Institute Need to recognized from I.N.C. Delhi for all program.
- Institute Need to appoint professor -2/3, Associate professor-2, Assistant professor -01.
- Institute Need to do MOU permission more the 100 beded hospital under radius of 30 km.
- In the laboratories equipment & articles required as per Norms.

૯.૭ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, તાલુકાદારી હોસ્ટેલ ટ્રસ્ટ, નડિયાદ સંચાલિત વિનાયકા કોલેજ ઓફ નર્સિંગ, નડિયાદમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **M.Sc. Nursing** નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંક નંબરઃવીસીએન/૨૦૨૫/૩૭૪૮ના તારીખઃ૧૧/૧૧/૨૦૨૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૪.૭)**

**SPECIFIC COMMENTS OF THE COMMITTEE**

- Institute Need to recognised from INC, Delhi for the all the program.
- Institute Need to appoint professor -2/3 Associate professor -02, Assistant professor-01.
- Need to establish HOD -separate offices
- Institute Need to do MOU/permission more than 100 beded Hospital with in 30 km.
- Laboratories Need to equipped with articles & Instruments as per INC.

૯.૮ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, દાલિયા એજ્યુકેશન ફાઉન્ડેશન, કનેરા સંચાલિત દાલિયા નર્સિંગ કોલેજ, કનેરામાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **P. B. B.Sc. Nursing**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંક નંબરઃડીએનસી/૨૦૨૫/૧૦/૫૬ના તારીખઃ૩૦/૧૦/૨૦૨૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૪.૮)**

## SPECIFIC COMMENTS OF THE COMMITTEE

- In the teaching staff need to recruit to following staff as per Norms.
- Professor -01, Associate professor -02, Assistant professor -02, tutor -10.
- In the labs need to increase the articles & equipment as per program & Norms.
- In the skill lab Advance machinery required as per Norms.

૯.૯ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ઓમ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ઘોડાસર સંચાલિત ઓમ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ, ઘોડાસરમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **P. B. B.Sc. Nursing**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંક નંબરઃ ઓઆઇએન/૨૦૨૫/૦૧/૦૩ ના તારીખઃ ૦૭/૦૧/૨૦૨૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૪.૯)**

## SPECIFIC COMMENTS OF THE COMMITTEE

- Institute need to obtain permission from I.N.C. for all program.
- Need to appoint following teaching staff professor-01, Associate professor-02, Assistant professor-04, tutor-00
- Need to establish Advance skill lab as per norms as earliest.
- Need to purchase Institute own Buses as per the program
- Need to purchase nursing books & online journals in the library
- Need to obtain more hospitals more then 100 beded capacity under 30 km radius.
- In MCH laboratory need to buy advance birthing simulator and antenatal palpation manikin.

૯.૧૦ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદ સંચાલિત શ્રીમતી કમલાબેન પી. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદમાં જૂન-૨૦૨૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે **B.O.Th. (New Additional Division)**નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના પત્ર ક્રમાંક નંબરઃ એપીએમએસ/૭૧/૨૦૨૪-૨૫ના તારીખઃ ૩૦/૦૫/૨૦૨૪થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૪.૧૦)**

## SPECIFIC COMMENTS OF THE COMMITTEE

- The staff should be appointed as per council Norms. (NCAHP).
- Tools required as Mentioned.
- Need permission from Gujarat State Allied Health Council (GSAHC)
- Need EC (Essentiality Certificate) from the Gujarat Govt.

**આથી ઠરાવવામાં આવે છે કે જે કોલેજમાં વધારે ક્ષતિઓ જણાય છે તેવી કોલેજોમાં ટાસ્કફોર્સ મોકલવી. તેમજ હવે પછીથી ક્ષતિપૂર્તતા ન થયેલ હોય તેવી કોલેજોના જોડાણ મંજૂર કરવા નહી.**

**(એકેડેમિક વિભાગ)**

૧૦ નાયબ નિયામકશ્રી (કવટ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ CHE/RAS2025/2025-26/6 તારીખઃ ૨૯/૬/૨૦૨૬થી અનુદાનિત કોલેજોના સત્તા મંડળો અને સંબંધિત યુનિવર્સિટીઓના સહયોગથી આયોજિત અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા (ફકત દિવ્યાંગ માટે). રાજયની અનુદાનિત કોલેજોમાં ઇન્ટરવ્યુ પ્રક્રિયામાં ખાલી રહેતી શૈક્ષણિક જગ્યાઓના કાર્યભાર અને PH કેટેગરી આધારીત ખાલી જગ્યાઓની જાહેરાત આપવામાં આવી હતી. અને તે શિક્ષણ

વિભાગ, ગુજરાતના તારીખઃ ૨૩.૧૨. ૨૦૧૯ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૦૧૯/CHE-768/ખ ને આધિન પૂર્ણ કરવામાં આવેલ છે. તે પૈકી Kiran Dineshbhai Chaudharyની રસાયણશાસ્ત્ર વિષયમાં અધ્યાપક સહાયક તરીકે પટેલ જે.બી. રૂદેલવાળા આર્ટ્સ, પટેલ એ.એમ. રૂદેલવાળા કોમર્સ એન્ડ પટેલ જે.ડી.કે. દાવોલવાળા સાયન્સ કોલેજ,બોરસદમાં રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ રૂા.૫૨,૦૦૦/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તા.૧/૭/૨૦૨૬ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને માન્યતા આપવા કા.આચાર્યશ્રીના તારીખઃ ૨/૭/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ 86/2026-27થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો |
|---|---|---|
| 1. | Kiran Dineshbhai Chaudhary (PH)<br>B. Sc. (Chemistry) March-June,2020 68.25%<br>M. Sc. (Chemistry) April,2022 69.66%<br>B.Ed. May, 2024 CGPA : 9.48<br>**GSLET (Chemical Science) January, 2023** | Adhyapak Sahayak in Chemistry |

**આથી ઠરાવવામાં આવે છે કે નાયબ નિયામકશ્રી (કવટ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ CHE/RAS2025/2025-26/6 તારીખઃ ૨૯/૬/૨૦૨૬થી અનુદાનિત કોલેજોના સત્તા મંડળો અને સંબંધિત યુનિવર્સિટીઓના સહયોગ થી આયોજિત અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા (ફક્ત દિવ્યાંગ માટે). રાજ્યની અનુદાનિત કોલેજોમાં ઇન્ટરવ્યુ પ્રક્રિયામાં ખાલી રહેતી શૈક્ષણિક જગ્યાઓના કાર્યભાર અને PH કેટેગરી આધારીત ખાલી જગ્યાઓની જાહેરાત આપવામાં આવી હતી. અને તે શિક્ષણ વિભાગ, ગુજરાતના તારીખઃ૨૩-૧૨-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૦૧૯/CHE-768/ખ ને આધિન પૂર્ણ કરવામાં આવેલ છે. તે પૈકી Kiran Dineshbhai Chaudharyની રસાયણ શાસ્ત્ર વિષયમાં અધ્યાપક સહાયક તરીકે પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ, પટેલ એ. એમ. રૂદેલવાળા કોમર્સ એન્ડ પટેલ જે. ડી. કે. દાવોલવાળા સાયન્સ કોલેજ, બોરસદમાં રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ રૂા.૫૨,૦૦૦/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તા.૧/૭/૨૦૨૬ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને માન્યતા આપવામાં આવી.**

**(એકેડેમિક વિભાગ)**

૧૧. નાયબ નિયામકશ્રી (કવટ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ CHE/RAS2025/2025-26/3 તારીખઃ ૨૪/૬/૨૦૨૬થી અનુદાનિત કોલેજોના સત્તા મંડળો અને સંબંધિત યુનિવર્સિટીઓના સહયોગથી આયોજિત અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા (ફક્ત દિવ્યાંગ માટે) રાજ્યની અનુદાનિત કોલેજોમાં ઇન્ટરવ્યુ પ્રક્રિયામાં ખાલી રહેતી શૈક્ષણિક જગ્યાઓના કાર્યભાર અને PH કેટેગરી આધારીત ખાલી જગ્યાઓની જાહેરાત આપવામાં આવી હતી. અને તે શિક્ષણ વિભાગ, ગુજરાતના તારીખઃ ૨૩.૧૨. ૨૦૧૯ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૦૧૯/CHE-768/ખ ને આધિન પૂર્ણ કરવામાં આવેલ છે. તે પૈકી Falguni Ishwarbhai Vaghela ની સામાજીક વિજ્ઞાન વિષયમાં અધ્યાપક સહાયક તરીકે પટેલ શ્રીમતી બી. સી. જે. કોલેજ ઓફ એજ્યુકેશન,ખંભાતમાં રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ રૂા.૫૨,૦૦૦/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તા.૨૭/૬/૨૦૨૬ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને માન્યતા આપવા આચાર્યશ્રીના તારીખઃ ૪/૭/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ 64/2026-27થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો |
|---|---|---|
| 1. | Dr. Falguni Ishwarbhai Vaghela (PH)<br>B. A. (History) March,2010 67.27 %<br>M A. (History) April,2014 CGPA: 6.30<br>B.Ed. April, 2012 CGPA : 9.42<br>M.Ed. April, 2015 CGPA : 7.92<br>**Ph.D. (Education) January,2021**<br>**GSLET (Education) November, 2017** | Adhyapak Sahayak in Social Science |

**આથી ઠરાવવામાં આવે છે કે નાયબ નિયામકશ્રી (કવટ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ CHE/RAS2025/2025-26/3 તારીખઃ ૨૪/૬/૨૦૨૬થી અનુદાનિત કોલેજોના સત્તા મંડળો અને સંબંધિત યુનિવર્સિટીઓના સહયોગથી આયોજિત અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા (ફકત દિવ્યાંગ માટે) રાજ્યની અનુદાનિત કોલેજોમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં ખાલી રહેતી શૈક્ષણિક જગ્યાઓના કાર્યભાર અને PH કેટેગરી આધારીત ખાલી જગ્યાઓની જાહેરાત આપવામાં આવી હતી. અને તે શિક્ષણ વિભાગ, ગુજરાતના તારીખઃ ૨૩-૧૨-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૦૧૯/CHE-768/ખ ને આધિન પૂર્ણ કરવામાં આવેલ છે. તે પૈકી Falguni Ishwarbhai Vaghela ની સામાજીક વિજ્ઞાન વિષયમાં અધ્યાપક સહાયક તરીકે પટેલ શ્રીમતી બી. સી. જે. કોલેજ ઓફ એજ્યુકેશન,ખંભાતમાં રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ રૂા.૫૨,૦૦૦/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ ૨૭/૬/૨૦૨૬ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને માન્યતા આપવામાં આવી .**

**(પરીક્ષા વિભાગ)**

૧૨. ડિસેમ્બર - ૨૦૨૬માં યોજાનાર ૬૯ મા વાર્ષિક પદવીદાન સમારંભના મુખ્ય અતિથિ નકકી કરવા બાબત.
**(બિડાણઃ ૫)**

(નોંધ : ૧૯૫૯થી ૨૦૨૫ના વર્ષો દરમ્યાન યોજાયેલા પદવીદાન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા મહાનુભાવોની યાદી આ સાથે બિડાણ થી સામેલ છે.)

**સઘન ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ડિસેમ્બર -૨૦૨૬માં યોજાનાર ૬૯માં વાર્ષિક પદવીદાન સમારંભના મુખ્ય અતિથિ તરીકે નીચે મુજબના નામોની ભલામણ કરેલ છે.**

**(૧) ડૉ. સુધાંશુ ત્રિવેદી, રાષ્ટ્રિય પ્રર્વકતા ભાજપ, મેમ્બર ઓફ રાજ્યસભા**
**(૨) માનનીયશ્રી, ભૂપેન્દ્રભાઇ પટેલ, મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય.**
**(૩) માનનીયશ્રી, ધર્મેન્દ્ર પ્રધાન, યુનીયન કેબીનેટ મિનીસ્ટર ઓફ એજ્યુકેશન, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા**
**(૪) માનનીયશ્રી, પ્રયાસવિન પટેલ, ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર, એલીકોન એન્જિનિયરીંગ, વલ્લભ વિધાનગર.**

(પરીક્ષા વિભાગ)

૧૩. Chairman, Shri Swaminarayan Mandir, Vadtal –387375 તરફથી બી.એડ (જનરલ) અભ્યાસક્રમ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામા **WHO OBTAINS THE HIGHEST NUMBER OF MARKS IN ALL SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL THEORY EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF B.Ed (General).** મુજબ ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને **"VADTALDHAM SHIKSHAPATRI GOLD MEDAL"** યુનિવર્સિટીના આગામી યોજાનાર પદવીદાન સમારંભથી એનાયત કરવા માટે કુલ રૂા. ૭,૫૦,૦૦૦/-નું દાન સ્વીકારવા અંગે મળેલી દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત..

(નોંધ:૧) ઉપરોકત સુવર્ણચંદ્રકનું નામ **"VADTALDHAM SHIKSHAPATRI GOLD MEDAL"** રહેશે.

૨) દાનની રકમને શેડયુલ બેંકમાં બાંધી મુદત થાપણમાં રોકાણ કરી તેમાંથી મળનાર વ્યાજની રકમમાંથી સુવર્ણચંદ્રક એનાયત કરવાનો રહેશે. તથા ગોલ્ડ મેડલ ૯ (નવ) કેરેટનો રહેશે.

૩) સદર Bechalor of Education (General) પરીક્ષા માટેનો ગોલ્ડ મેડલ છે.

૪) ઉપરોકત દર્શાવેલ ગોલ્ડ મેડલની શરત નીચે મુજબની રહેશે.

**WHO OBTAINS THE HIGHEST NUMBER OF MARKS IN ALL SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL THEORY EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF B.Ed(General).**

૫) આ સુવર્ણચંદ્રકોના દાનની રકમ રૂા. ૭,૫૦,૦૦૦/- તારીખ: ૦૮/૦૭/૨૦૨૬ ના રોજ રસીદ નં. 0014436 થી યુનિવર્સિટીમાં જમા કરાવેલ છે.

૬) આ ગોલ્ડ મેડલ ડિસેમ્બર-૨૦૨૬ ના પદવીદાન સમારંભથી એનાયત કરવામાં આવશે.

૭) યુનિવર્સિટીને દાનની રકમ હાલ જુલાઇ માસમા પ્રાપ્ત થઇ છે અને નિયમ મુજબ દાનની રકમના વ્યાજમાથી ગોલ્ડ મેડલ આપવામાં આવતો હોવાથી ડિસેમ્બર-૨૦૨૬માં ગોલ્ડ મેડલ આપવો શક્ય નથી.

૮) પરંતુ સદર ગોલ્ડ મેડલના દાતાશ્રી દ્વારા જણાવેલ છે કે તેઓની ઇચ્છા સદર ગોલ્ડ મેડલ ડિસેમ્બર-૨૦૨૬ના પદવીદાનથી આપવાની છે અને ડિસેમ્બર-૨૦૨૬માટે ગોલ્ડ મેડલ માટેનો થનાર ખાર્ચ તેઓ અલગથી આપવા તૈયાર છે.

૯) જેથી જ્યારે યુનિવર્સિટી ગોલ્ડ મેડલ માટેની ટેન્ડરની પ્રક્રીયા હાથ ધરે અને એક ગોલ્ડ મેડલ બનાવવા માટેની જે કિંમત થશે તેટલી રકમ દાતાશ્રીને પત્ર દ્વારા જાણ કર્યેથી દાતાશ્રી દ્વારા અલગથી જમાં કરાવવામાં આવશે.

૧૦) **તારીખ: ૨૦/૧૦/૨૦૧૮ ની સિન્ડીકેટ સભાના ઠરાવ ક્રમાંક ૮ માં ઠરાવવામા આવેલ છે કે ભવિષ્યમા સુવર્ણચંદ્રક એનાયત કરવા માંગતા હોય તો તે અંગેની શરતો યુનિવર્સિટી નક્કી કરશે)**

**આથી ઠરાવવામાં આવે છે કે Chairman, Shri Swaminarayan Mandir, Vadtal –387375 તરફથી બી.એડ (જનરલ) અભ્યાસક્રમ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામા WHO OBTAINS THE HIGHEST NUMBER OF MARKS IN ALL SEMESTERS TAKEN**

**TOGETHER IN AN EXTERNAL THEORY EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF B.Ed (General). મુજબ ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને "VADTALDHAM SHIKSHAPATRI GOLD MEDAL" યુનિવર્સિટીના આગામી યોજાનાર પદવીદાન સમારંભથી એનાયત કરવા માટે કુલ રૂા. ૭,૫૦,૦૦૦/-નું દાન સ્વીકારવું અને સબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૧૪. આણંદ જીલ્લાના સોજીત્રા મુકામે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોજીત્રા ખાતે નવી સરકારી કોલેજ જૂન-૨૦૧૬થી બી.એ/બી.કોમ.નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ માટે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક જીસીઓ/૧૫૧૬/CHE-૬/ખ તારીખઃ ૨૧-૦૫-૨૦૧૬ના પત્ર ઉપર નોંધ લેવા બાબત..

(નોંધઃ નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના ઠરાવનં. જી.સી.ઓ/ ૧૫૧૬/એમ.આર.-૮૮/ખ. તારીખઃ૧૩/૦૨/૨૦૧૭ અને પત્રાંક કગટ ૩/કોલેજ નામાભિધાન/૨૦૧૬-૧૭/૧૩૪ તારીખઃ ૦૨/૦૩/૨૦૧૭ના નવા નામાભિધાન માટે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોજીત્રાનું નવું નામ કરણઃ**"શ્રી ભાઈકાકા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોજીત્રા"** તા.૧૨/૦૪/ ૨૦૧૭ની કાર્યાલય નોંધથી કુલપતિશ્રીએ મંજુર કરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે આણંદ જીલ્લાના સોજીત્રા મુકામે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોજીત્રા ખાતે નવી સરકારી કોલેજ જૂન-૨૦૧૬થી બી.એ/ બી.કોમ.નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ મળેલ છે. અને જાહેરનામાં માટેની કાર્યવાહી કરવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૧૫. શ્રી અબ્જીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઈમેજ નર્સિંગ કોલેજ, અસલાલીમાં બી.એસ.સી.નર્સિંગના અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪-૨૫ તથા પોસ્ટ બેઝીક બી.એસસી. નર્સિંગના અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૫-૨૬ ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં પત્રાંકઃ ઈડી/૦૯૬૬/૦૩/ ૨૦૨૬, તાઃ૨૩/૦૩/૨૦૨૬થી મંજુરી પત્રમાં દર્શાવેલ શરતોને આધીન સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી આપવામાં આવેલ છે. જેના પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૬)**

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી અબ્જીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઈમેજ નર્સિંગ કોલેજ, અસલાલીમાં બી.એસ.સી.નર્સિંગના અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪-૨૫ તથા પોસ્ટ બેઝીક બી.એસસી. નર્સિંગના અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૫-૨૬ ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં પત્રાંકઃ ઈડી/૦૯૬૬/૦૩/૨૦૨૬, તાઃ૨૩/૦૩/૨૦૨૬થી મંજુરી પત્રમાં દર્શાવેલ શરતોને આધીન સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી મળેલ બાબતને એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભામાં મંજૂર કરવામાં આવી.**

**(પરીક્ષા વિભાગ)**

કુલપતિશ્રીએ મંજુર કરેલા કાર્યની માહિતી

૧૬. મંજૂરી આપ્યા તારીખઃ ૧૩/૭/૨૦૨૬(પરીક્ષા વિભાગ)

તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬ના રોજ મળેલ Malpractice Enquiry Committee (MPEC)એ કરેલી ભલામણોની કાર્યનોંધને માન. કુલપતિશ્રીએ મંજૂર કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યાના.. (બિડાણઃ૭)

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજુર કરેલા કાર્યને બહાલી આપવામાં આવી.**

**(વાહન વ્યવહાર વિભાગ)**

૧૭. સરદાર પટેલ યુનિવર્સિટીના હંગામી ડ્રાઇવર (ફીક્સ વેતનદાર) ના કર્મચારીઓ માટે મા. કુલપતિશ્રીના આદેશાનુસાર નીચે મુજબના શિસ્ત અને વર્તણુકના નિયમોનું મંજુર કરવા બાબત.

૧. યુનિવર્સિટીના વાહનોની પી.યુ.સી.ની અંતિમ તારીખ પૂર્ણ થયાના બે દિવસ પહેલા પી.યુ.સી. કઢાવી લેવું.

૨. વાહન વ્યવહાર વિભાગ દ્વારા વર્ધી આપવામાં આવે ત્યારે જ જવું, કોઇ પણ ડ્રાઇવર કર્મચારીઓએ ડાયરેકટ વર્ધી પર જવુ નહીં વર્ધીનો જે સમય આપેલ હોય તેના અડધા કલાક પહેલા હાજર થવાનું રહેશે.

૩. જે ડ્રાઇવર કર્મચારીને વર્ધી આપવામાં આવે તેજ ડ્રાઇવર કર્મચારીએ વર્ધી પર જવું.

૪. જે ડ્રાઇવર કર્મચારીને ગાડી સોંપવામાં આવેલ છે તે ગાડીની સાફ-સફાઇ, ગાડીમાં કોઇપણ પ્રકારની સમસ્યા કે તકલીફ હોય તો તેની જાણ વાહન વ્યવહાર વિભાગમાં તાત્કાલિક ધોરણે કરવાની રહેશે.

૫. ડ્રાઇવર કર્મચારીએ ફરજ દરમ્યાન દારૂ/પાન/મસાલા/તમાકું નું સેવન કરવું નહીં.

૬. ડ્રાઇવર કર્મચારીને ટ્રાફીકના નિયમોનું પાલન કરવાનું રહેશે. જો તે દરમ્યાન ટ્રાફીકના નિયમનો ભંગ થાય તો તેનો દંડ જે તે ડ્રાઇવર કર્મચારીએ ભોગવવાનો રહેશે. જો વાહનમાં ફાળવામાં આવેલ હોય તે વિભાગના કર્મચારી જણાવે કે, વાહન ઓવર સ્પીડમાં ચલાવવાનું કહે તો જે તે વિભાગના કર્મચારીને જણાવી દેવું કે, ઓવર સ્પીડમાં વાહન ચલાવું અને જો વાહનનું ચલણ આવશે તો આપે ભરપાઇ કરવાની રહેશે.

૭. યુનિવર્સિટી દ્વારા જે ફરજ આપવવામાં આવે તેના માટે મોડા સુધી રોકવાનું રહેશે.

૮. દરેક ડ્રાઇવર કર્મચારીએ ફરજ પર યુનિવર્સિટી દ્વારા આપેલ યુનિફોર્મ ફરજીયાત ધારણ કરવાનો રહેશે.

૯. દરેક ડ્રાઇવર કર્મચારીએ વાહનમાં ડીઝલ ભરાવવા માટે વાહન વ્યવહાર વિભાગમાં અગાઉથી જાણ કરવાની રહેશે.

૧૦.જે ડ્રાઇવર કર્મચારીના ડ્રાઇવીંગ લાઇસન્સની વેલિડિટી પૂર્ણ થતા પહેલા રીન્યુ કરવાની જવાબદારી જે-તે ડ્રાઇવર કર્મચારીની રહેશે. જેની એક ઝેરોક્ષ નકલ વાહન વ્યવહાર વિભાગમાં જમા કરાવવાની રહેશે.

૧૧ જે ડ્રાઈવર કર્મચારીને જે ડ્યુટી સોંપવામાં આવે ત્યારે ચાવી વાહન વ્યવહાર વિભાગમાં દિવાલ પર લગાવેલ કી-બોર્ડ માંથી લેવાની અને ડ્યુટી પૂર્ણ થયા બાદ ચાવી પરત વાહન વ્યવહાર વિભાગમાં જમા કરાવવાની જવાબદારી જે-તે ડ્રાઈવરની રહેશે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના હંગામી ડ્રાઈવર (ફીક્સ વેતનદાર) કર્મચારીઓ માટે મા. કુલપતિશ્રીના આદેશાનુસાર ઉપર મુજબના શિસ્ત અને વર્તણુકના નિયમોનું ચુસ્ત રીતે અમલ કરાવવો.**

**(હિસાબ વિભાગ)**

૧૮. તારીખઃ ૦૭/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતિ દ્વારા કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૮)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૭/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતીની કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી.**

**(હિસાબ વિભાગ)**

૧૯. જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી જિલ્લા સેવા સદન, આણંદ દ્વારા સને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષનો અન્વેષણ અહેવાલ, યુ.જી.સી.નો અન્વેષણ અહેવાલ તેમજ પ્રોવિડન્ટ ફંડનો અન્વેષણ અહેવાલના તૈયાર કરેલ ફકરાઓના જવાબો પર ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૯)**

(નોંધઃ તારીખઃ ૦૭/૦૭/૨૦૨૬ને મંગળવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટસ સમિતિ દ્વારા બાબત ક્રમાંક ૧૦ માં નીચે મુજબ ભલામણ કરેલ છેઃ

**"સભામાં થયેલ સર્વગ્રાહી અને પુખ્ત વિચારણાને અંતે, આથી જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી જિલ્લા સેવા સદન, આણંદ દ્વારા સને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષનો અન્વેષણ અહેવાલ, યુ.જી.સી.નો અન્વેષણ અહેવાલ તેમજ પ્રોવિડન્ટ ફંડનો અન્વેષણ અહેવાલના તૈયાર કરેલ ફકરાઓના જવાબો આગામી એકઝ્યુકેટીવ કાઉન્સીલ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રજૂ કરી મંજૂરી મળ્યેથી સ્થાનિક ભંડોળ હિસાબ કચેરીને મોકલી આપવા ભલામણ કરવામાં આવેલ.")**

**આથી ઠરાવવામાં આવે છે કે જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી જિલ્લા સેવા સદન, આણંદ દ્વારા સને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષનો અન્વેષણ અહેવાલ, યુ.જી.સી.નો અન્વેષણ અહેવાલ તેમજ પ્રોવિડન્ટ ફંડનો અન્વેષણ અહેવાલના તૈયાર કરેલ ફકરાઓના જવાબો ગ્રાહય રાખવામાં આવ્યા.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨૦. આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદ સંચાલિત શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હયુમન રાઈટ્સ, આણંદમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૬-૨૭ થી **B.Sc. LL.B. (Five Years Integrated Course)** અભ્યાસક્રમ ચાલુ કરવા માટે નવા જોડાણ માટે સ્ટેચ્યુટઃ 275 પ્રમાણે 'બોર્ડ ઓફ ડિન્સ'ની રચના કરી

નવા એફિલીએશન માટે તારીખઃ ૨૪/૦૩/૨૦૨૬ સોમવારના રોજ 'બોર્ડ ઓફ ડિન્સ'ની મિટીંગમાં સ્કુટીની કરવામાં આવી હતી. જેનો અહેવાલ નીચે મુજબ છે.

- સંસ્થા 5 એકર જમીન ધરાવતી નથી.
- નેકનો ગ્રેડ કોલેજ ધરાવતી નથી
- સંસ્થાની જમીનનું બીન ખેતીલાયક પ્રમાણપત્ર જોડેલ છે.
- B.Sc. LL.B. (Five Years Integrated Course)માટે ની બિલ્ડીંગ B.U. પ્રમાણપત્ર ધરાવે છે.
- B.Sc. LL.B. (Five Years Integrated Course) માટે જે બિલ્ડીંગ બતાવેલ છે. તેમાં શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હયુમન રાઇટ્સ, આણંદમાં અભ્યાસક્રમો ચાલે છે.
- સંસ્થા B.Sc. LL.B. (Five Years Integrated Course) ના અભ્યાસક્રમ માટે અલાયદુ બિલ્ડીંગ ધરાવતી નથી .
- સંસ્થા પાસે ફાયર સેફટીનું સર્ટિફિકેટ સામેલ છે.
- વૈધાનિક(BCI) સંસ્થાની મંજૂરી મળ્યા બાદ જ એફિલીએશન કાર્યવાહી કરવામાં આવશે.
- સંસ્થાને જમીન છે. તે જમીનનો ભાડા કરાર તારીખઃ ૫/૧૧/૨૦૨૬ના રોજ પૂર્ણ થાય છે.
- સંસ્થા પાસે નિયમ અનુસારનો ભાડા કરાર નથી.

ઉપરોકત સંસ્થાના નવા અભ્યાસક્રમ અને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવા માટે સ્ટેચ્યુટઃ 275 અનુસાર ઉચ્ચશિક્ષણમાંથી મંજૂરી મેળવીને આગળની કાર્યવાહી માટે વિચારણા કરવા બાબત...

૨૦.૧ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદ સંચાલિત શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હયુમન રાઇટ્સ, આણંદમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૬-૨૭ થી B.A. LL.B. (Five Years Integrated Course) અભ્યાસક્રમ ચાલુ કરવા માટે નવા જોડાણ માટે સ્ટેચ્યુટઃ 275 પ્રમાણે 'બોર્ડ ઓફ ડિન્સ'ની રચના કરી નવા એફિલીએશન માટે તારીખઃ ૨૪/૦૩/૨૦૨૬ સોમવારના રોજ 'બોર્ડ ઓફ ડિન્સ'ની મિટીંગમાં સ્કુટીની કરવામાં આવી હતી. જેનો અહેવાલ નીચે મુજબ છે.

- સંસ્થા 5 એકર જમીન ધરાવતી નથી.
- નેકનો ગ્રેડ કોલેજ ધરાવતી નથી
- સંસ્થાની જમીનનું બીન ખેતીલાયક પ્રમાણપત્ર જોડેલ છે.
- B.A. LL.B. (Five Years Integrated Course)માટે ની બિલ્ડીંગ B.U. પ્રમાણપત્ર ધરાવે છે.
- B.A. LL.B. (Five Years Integrated Course) માટે જે બિલ્ડીંગ બતાવેલ છે. તેમાં શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લૉ એન્ડ હયુમન રાઇટ્સ, આણંદમાં અભ્યાસક્રમો ચાલે છે.
- સંસ્થા B.A. LL.B. (Five Years Integrated Course) ના અભ્યાસક્રમ માટે અલાયદુ બિલ્ડીંગ ધરાવતી નથી .
- સંસ્થા પાસે ફાયર સેફટીનું સર્ટિફિકેટ સામેલ છે.
- વૈધાનિક (BCI) સંસ્થાની મંજૂરી લેવાની બાકી છે.
- સંસ્થાને જમીન છે. તે જમીનનો ભાડા કરાર તારીખઃ ૫/૧૧/૨૦૨૬ના રોજ પૂર્ણ થાય છે.
- સંસ્થા પાસે નિયમ અનુસારનો ભાડા કરાર નથી.

ઉપરોકત સંસ્થાના નવા અભ્યાસક્રમ અને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવા માટે સ્ટેચ્યુટઃ 275 અનુસાર ઉચ્ચશિક્ષણમાંથી મંજૂરી મેળવીને આગળની કાર્યવાહી માટે વિચારણા કરવા બાબત...

૨૦.૨ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદ સંચાલિત શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી, આણંદમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૬-૨૭ થી **BCA (First Addi. Division)** અભ્યાસક્રમ ચાલુ કરવા માટે નવા જોડાણ માટે સ્ટેચ્યુટઃ 275 પ્રમાણે 'બોર્ડ ઓફ ડિન્સ'ની રચના કરી નવા એફિલીએશન માટે તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬ બુધવારના રોજ 'બોર્ડ ઓફ ડિન્સ'ની મિટીંગમાં સ્કુટીની કરવામાં આવી હતી. જેનો અહેવાલ નીચે મુજબ છે.

- સંસ્થા 5 એકર જમીન ધરાવતી નથી.
- નેકનો ગ્રેડ કોલેજ ધરાવતી નથી
- સંસ્થાની જમીનનું બીન ખેતીલાયક પ્રમાણપત્ર જોડેલ છે.
- **BCA (First Addi. Division)** માટે ની બિલ્ડીંગ **B.U.** પ્રમાણપત્ર ધરાવે છે.
- **BCA (First Addi. Division)** માટે જે બિલ્ડીંગ બતાવેલ છે. તેમાં શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી, આણંદમાં અભ્યાસક્રમો ચાલે છે.
- સંસ્થા પાસે ફાયર સેફ્ટીનું સર્ટિફિકેટ સામેલ છે.
- વૈધાનિક(**AICTE**) સંસ્થાની મંજૂરી મળેલ નથી.
- સંસ્થાને જમીન છે. તે જમીનનો ભાડા કરાર તારીખઃ ૫/૧૧/૨૦૨૬ના રોજ પૂર્ણ થાય છે.
- સંસ્થા પાસે નિયમ અનુસાર ભાડા કરાર નથી.

ઉપરોકત સંસ્થાના નવા અભ્યાસક્રમ અને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવા માટે સ્ટેચ્યુટઃ 275 અનુસાર ઉચ્ચશિક્ષણમાંથી મંજૂરી મેળવીને આગળની કાર્યવાહી માટે વિચારણા કરવા બાબત.

૨૦.૩ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદ સંચાલિત શ્રીમતી કમલાબેન પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૬-૨૭ થી **B.O.Th. (New Addi. Division)** અભ્યાસક્રમ ચાલુ કરવા માટે નવા જોડાણ માટે સ્ટેચ્યુટઃ 275 પ્રમાણે 'બોર્ડ ઓફ ડિન્સ'ની રચના કરી નવા એફિલીએશન માટે તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬ ગુરૂવારના રોજ 'બોર્ડ ઓફ ડિન્સ'ની મિટીંગમાં સ્કુટીની કરવામાં આવી હતી. જેનો અહેવાલ નીચે મુજબ છે.

- સંસ્થા 5 એકર જમીન ધરાવતી નથી.
- નેકનો ગ્રેડ કોલેજ ધરાવતી નથી.
- સંસ્થાની જમીનનું બીન ખેતીલાયક પ્રમાણપત્ર જોડેલ છે.
- **B.O.Th. (New Addi. Division)** માટે ની બિલ્ડીંગ **B.U.** પ્રમાણપત્ર ધરાવે છે.
- **B.O.Th. (New Addi. Division)** માટે જે બિલ્ડીંગ બતાવેલ છે. તેમાં શ્રીમતી કમલાબેન પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદમાં અભ્યાસક્રમો ચાલે છે.
- સંસ્થા પાસે ફાયર સેફ્ટીનું સર્ટિફિકેટ સામેલ છે.
- વૈધાનિક ગુજરાત એલાઇડ હેલ્થ કાઉન્સિલમાંથી કોર્ષની મંજૂરી મેળવેલ નથી.
- સંસ્થાને જમીન છે. તે જમીનનો ભાડા કરાર તારીખઃ ૫/૧૧/૨૦૨૬ના રોજ પૂર્ણ થાય છે.
- સંસ્થા પાસે નિયમ અનુસારનો ભાડા કરાર નથી.

ઉપરોકત સંસ્થાના નવા અભ્યાસક્રમ અને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવા માટે સ્ટેચ્યુટઃ 275 અનુસાર ઉચ્ચશિક્ષણમાંથી મંજૂરી મેળવીને આગળની કાર્યવાહી માટે વિચારણા કરવા બાબત...

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ટ્રસ્ટની કોલેજોમાં નવા અભ્યાસક્રમ અને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવવા માટે સ્ટેચ્યુટઃ 275 અનુસાર કાર્યવાહી કરવી.**

**(એકેડેમિક વિભાગ)**

૨૧. આચાર્યશ્રી, એન. એસ. પટેલ આર્ટસ કોલેજ (ઓટોનોમસ), આણંદના તારીખઃ ૨૧/૫/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ NSP/634/2026થી સદર કોલેજમાં આચાર્ય તરીકે Dr. Prashantkumar Kalabhai Patelની કરેલ નિમણૂંકની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો |
|---|---|---|
| 1. | Dr. Prashantkumar Kalabhai Patel<br>B. A. (Gujarati) March/April,2006 70%<br>M.A. (Gujarati) April,2008 62.12%<br>**M.Phil. (Gujarati) April, 2009 61.5%**<br>**Ph.D. (Gujarati) December, 2015**<br>**Teaching Experience:**<br>4 Years & 11 Months as a Adhyapak Sahayak<br>6 Years & 8 Months as a Assistant Professor<br>4 Years & 1 Month as a Associate Professor<br>2 Years as a Professor<br>Pay Scale Rs. 1,31,400-2,17,100 Level 13-A | Principal |

નાયબ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવ૮/ISC-8/૨૦૨૬/૪૫૯૦-૯૩ તારીખઃ ૨૮/૪/૨૦૨૬થી એન. એસ. પટેલ આર્ટસ કોલેજ (ઓટોનોમસ), આણંદમાં Dr. Prashantkumar Kalabhai Patel ની આચાર્ય તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓ સદર કોલેજમાં તારીખ : ૫/૫/૨૦૨૬ના રોજ હાજર થયેલ છે.

**ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે Dr. Prashantkumar Kalabhai Patel ને તેઓની સંસ્થાની IQACના રીપોર્ટ અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના ઉકત પત્રના અનુસંધાને એન. એસ. પટેલ આર્ટસ કોલેજમાં આચાર્યશ્રી તરીકે માન્યતા આપવામાં આવે છે. ઉપરોકત આપવામાં આવેલ માન્યતા ઉમેદવાર અને સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતીના આધારે આપવામાં આવેલ છે. ભવિષ્યમાં જો કોઇ ક્ષતિયુકત માહિતી જણાશે તો આપેલ માન્યતા યુનિવર્સિટી દ્વારા રદ કરી શકાશે અને તે સંબંધિતોને બંધનકર્તા રહેશે.**

**(એકેડેમિક વિભાગ)**

૨૨. સંયુકત મંત્રીશ્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના તારીખઃ ૪/૫/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ SRKSM/7/1/2026/27 થી આપના મંડળ સંચાલિત આણંદ લો કોલેજ, આણંદમાં આચાર્ય તરીકે Dr. Rekha Kumari Ramnandan Singhની કરેલ નિમણૂંકની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો |
| --- | --- | --- |
| 1. | Dr. Rekha Kumari Ramnandan Singh<br>B. A.-English (with Minor Subject) April, 2003 45. 5 %<br>LL.B. (General) March/April,2006 67.88%<br>LL.B. (Special) April,2007 74.2%<br>LL.M. (Business Law) April,2009 65.6%<br>**Ph.D. (Law) March-2013**<br>**Teaching Experience**:<br>4 Years as a Full Time Teaching Faculty<br>5 Years as a Assistant Professor<br>6 Years & 2 Months as a I/c. Principal & Associate Professor<br>Pay Scale Rs. 1,31,400-2,17,100 Level 13-A | Principal |

નાયબ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવટ/ISC-8/૨૦૨૬/૪૬૦૬-૬૦૯ તારીખઃ ૨૮/૪/૨૦૨૬થી આણંદ લો કોલેજ, આણંદમાં Dr. Rekha Kumari Ramnandan Singhની આચાર્ય તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓ સદર કોલેજમાં તારીખ : ૧/૫/૨૦૨૬ના રોજ હાજર થયેલ છે.

(નોંધ : સંયુકત મંત્રીશ્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદના તારીખઃ ૪/૫/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃSRKSM/7/1/2026/27ના અનુસંધાનમાં સદર કાર્યાલયના તારીખઃ ૨૫/૫/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ ડી/બી/૧૧૮૨ના પત્રથી તારીખઃ ૨૨/૫/૨૦૨૬ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૨૦ના ઠરાવ ક્રમાંકઃ ૧૦ની જાણ સંયુકત મંત્રીશ્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદને કરવામાં આવેલ છે. સદર પત્રના સંદર્ભે સદર કાર્યાલયના તારીખઃ૪/૭/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ ડી/બી/૨૦૨૨(૧)ના પત્રના અનુસંધાનમાં પ્રમુખશ્રી તથા માનદ્ મંત્રીશ્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદે તેમના તારીખઃ ૯/૭/૨૦૨૬ના પત્રથી Dr. Rekha Kumari Ramnandan Singhની આચાર્ય તરીકે આણંદ લો કોલેજ, આણંદમાં કરેલ નિમણૂંક બાબતની પૂર્તતા કરવા તારીખઃ ૯/૭/૨૦૨૬ના રોજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળની (સંસ્થાની) આઇ.કયુ.એસી. ની યોજેલ મીટીંગનો અહેવાલ (આ સાથે બિડાણઃ અ થી સામેલ છે.) મોકલી આપેલ છે.)

**ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે Dr. Rekha Kumari Ramnandan Singhને તેઓની સંસ્થાની IQACના રીપોર્ટ અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના ઉકત પત્રના અનુસંધાને આણંદ લો કોલેજમાં આચાર્યશ્રી તરીકે માન્યતા આપવામાં આવે છે. ઉપરોકત આપવામાં આવેલ માન્યતા ઉમેદવાર અને સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતીના આધારે આપવામાં આવેલ છે. ભવિષ્યમાં જો કોઇ ક્ષતિયુકત માહિતી જણાશે તો આપેલ માન્યતા યુનિવર્સિટી દ્વારા રદ કરી શકાશે અને તે સંબંધિતોને બંધનકર્તા રહેશે.**

**(એકેડેમિક વિભાગ)**

૨૩. ડૉ. પારૂલ પોપટ પ્રોફેસર અનુસ્નાતક અંગ્રેજી વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રિસાઈડીંગ ઓફિસર ઈન્ટરનલ કમીટી (ઈન્ટરનલ કમ્પલેઈન કમીટી ICC), એકેડેમિક વિભાગને કરેલ ફરિયાદના સંદર્ભે ઈન્ટરનલ કમીટી દ્વારા જમા કરાવવામાં આવેલ રીપોર્ટ ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

નોંધઃ-(૧) ડૉ. પારૂલ પોપટ દ્વારા તા.૨૦-૦૩-૨૦૨૬ ના પત્રાંક નંઃ Hum/Eng/642 થી તેમનાં વિભાગના ડૉ. મનીષ સોલંકી વિરુધ્ધ પ્રિસાઈડીંગ ઓફિસર, ઈન્ટરનલ ક્મીટીને અરજી આપેલ હતી.

(૨) ઉપરોકત અરજી સંદર્ભે તા.૨૪-૦૩-૨૦૨૬, તા.૨૩-૦૪-૨૦૨૬, તા.૨૮-૦૪-૨૦૨૬, તા.૦૫-૦૫-૨૦૨૬, તા.૧૧-૦૫-૨૦૨૬, તા.૨૦-૦૫-૨૦૨૬, તા.૨૫-૦૫-૨૦૨૬, તા.૨૬-૦૫-૨૦૨૬, તા.૦૪-૦૬-૨૦૨૬, તા.૦૫-૦૬-૨૦૨૬, તા.૦૬-૦૬-૨૦૨૬, તા.૧૦-૦૬-૨૦૨૬ અને તા.૧૫-૦૬-૨૦૨૬ ના રોજ સમિતિની બેઠકો મળેલ હતી.

(૩) વધુમાં કમિટી દ્વારા આક્ષેપીત તેમજ અરજદાર તરફે લેખિત નિવેદનો અને બંને પક્ષો તરફથી સાક્ષીઓના નિવેદનો તેમજ તેમની ઉલટ તપાસ પણ કરવામાં આવેલ હતી તેના આધારે ઈન્ટરનલ ક્મીટીનો ઈન્કવાયરી રીપોર્ટ (Under the Sexual Harassment of women at Workplace (Prevention, Prohibition and Redressal Act 2013) તા.૨૩-૦૬-૨૦૨૬ ના રોજ મા.કુલપતિશ્રીને સંબોધીને પત્ર લખી સાથે બિડાણમા સીલ બંધ કવરમાં સમિતીનો રીપોર્ટ કુલસચિવશ્રીને સોપવામાં આવેલ છે.

(૪ )ઉકત ઈન્કવાયરી રીપોર્ટની નકલ સદરહુ બંને પક્ષકારોને (ડૉ. પારૂલ પોપટને તા.૨૪-૦૬-૨૦૨૬ ના રોજ તથા ડૉ.મનીષ સોલંકીને તા.૨૫-૦૬-૨૦૨૬ ના રોજ) પણ આપવામાં આવેલ છે.

(૫) UGC ગેઝેટ 2nd May 2016, UGC (Prevention, Prohibition Redressal of Sexual Harassment of women employees and students in higher education institutions) Regulations, 2015 ના મુદ્દા ૮(૫) અન્વયે ડૉ.મનીષ સોલંકી દ્વારા ICC ના તારણો તથા ભલામણોની વિરુદ્ધમાં અપીલ ફાઈલ કરવામાં આવેલ છે. (Inward no-5876, R,16/07/2026)

(૬) ડૉ. મનીષ સોલંકી દ્વારા તેઓની પડતર અપીલ દરમ્યાન ICC ના રીપોર્ટ સ્ટે કરવા જણાવેલ છે. (Inward no-5882,R,16/07/2026)

(૭) ડૉ. મનીષ સોલંકી દ્વારા ICC ના સમગ્ર રેકર્ડની પ્રમાણિત નકલ આપવા અને તે આપવામાં ન આવે ત્યાં સુધી અપીલની સુનવણી ના કરવા- પડતર રાખવા અરજ કરેલ છે. (Inward no-5883, R,16/07/2026)

(૮) અનુક્રમ નંબર ૫,૬ અને ૭ ની અરજી ડૉ. મનીષ સોલંકીએ બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા માનનીય કુલપતિશ્રીને ઉદેશીને લખેલ છે.

ઉકત અરજીઓ તેઓ તેના સંબધિત ઈન્કવાયરી કમ્પલેન કમિટીના આ રીપોર્ટ સંદર્ભની હોય તથા આ રીપોર્ટ અંગે નિર્ણય લેતા પહેલા ધ્યાને લેવી જરૂરી હોય મા.કુલપતિશ્રી દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સમક્ષ મુકવામાં આવેલ છે.

(૯) આમ ઉકત બાબતે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા અત્રે રજુ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, તારીખ: ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: III-સેકશન ૪ University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higher education institution) Regulations, 2015 અન્વયે ડૉ. પારૂલ પોપટની ફરીયાદ અન્વયે ઈન્ટરનલ કમિટીનો રીપોર્ટ જે સિલ બંધ કવરમાં (મુકવામાં) પ્રાપ્ત હતો તે આજ રોજ Excutive Council દ્વારા વંચાણે લેવામાં આવ્યો. સદર રીપોર્ટ યુજીસીના વિશેષ નિર્દેશ તથા Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition, Redressal) Act, 2013 ના અન્વયેનો હોય આ બાબતની તપાસ તથા ભલામણો યુજીસીના ઉપરોક્ત ગેજેટ મુજબ કરવાની રહે.

સદર રીપોર્ટ વંચાણે લેતા તેમ ફલીત થાય છે કે આ તપાસમાં યુનિવર્સિટીની ઈન્ટરનલ કમિટી (Internal Complaint Committee- ICC) દ્વારા તા. ૦૨/૦૫/૨૦૧૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ ગેજેટ ભાગ: III -સેકશન ૪ University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higher education institution) Regulations, 2015 અનુસારની પ્રક્રીયાનું યોગ્ય પાલન કરવામાં આવેલ છે. સદર રીપોર્ટ તથા ડૉ. મનીષ સોલંકી દ્વારા કરવામાં આવેલ અનુક્રમ નંબર ૫, ૬ અને ૭ ની અરજીઓ વંચાણે લઈ આ સમિતી સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવો કરે છે.

૦૧) સદર રીપોર્ટ ધ્યાને લેતાં ફલીત થાય છે કે, આ તપાસમાં ડૉ. મનીષ સોલંકીને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ પોતાના સ્વબચાવની સંપૂર્ણ તક આપવામાં આવેલ છે, જેથી તેઓની અનુંક્રમ નંબર ૬ ની રીપોર્ટ સ્ટે કરવા બાબતની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહીં.

૦૨) તા. ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: III-સેકશન ૪ University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higher education institution) Regulations, 2015 ના મુદ્દા નં. ૮(૫) અન્વયે ડૉ. મનીષ સોલંકી દ્વારા અપીલ કરવામાં આવેલ છે (Inward No: 5876 dated on 16/07/2026 અનુક્રમ નંબર: ૬).

સદર અપીલ, સમિતીનો રીપોર્ટ, આનુસાંગીક દસ્તાવેજો તથા રીપોર્ટ સાથે સામેલ બિડાણોને ધ્યાને લેતા તેમ ફલીત થાય છે કે તેઓને આ તપાસમાં સ્વબચાવની પુરતી તક આપવામાં આવેલ છે. ઈન્ટરનલ સમિતી દ્વારા ડૉ. મનીષ સોલંકીને ફરીયાદીની ઉલટ-તપાસ, સાક્ષીઓની ઉલટ-તપાસ, સીસીટીવી કુટેજ તેમજ અંતિમ દલીલો કરવા જેવી કાયદામાં પ્રસ્થાપીત તમામ તકો આપવામાં આવેલ છે. સાક્ષીઓના નિવેદનો ઉપર ડૉ. મનીષ સોલંકી દ્વારા હસ્તાક્ષર પણ કરવામાં આવેલ છે. વધુમાં, વિદ્યાર્થીઓની સામે ચાલુ વર્ગખંડમાંથી ડૉ. પારૂલ પોપટ ભણાવતા હતા ત્યારે તેમને અટકાવી તેમની અભ્યાસ સામગ્રી બહાર મુકી આવવી, અયોગ્ય ભાષામાં અન્ય અધ્યાપકોને અવગત રાખી ડૉ. પારૂલ પોપટને ઈ-મેલ કરવા,અધ્યાપકોના વોટસએપ ગ્રુપમાં તેમના વિષયક મેસેજો મુકવા, અધ્યક્ષ તરીકે ડૉ. પારૂલ પોપટે ફાળવેલ વિષય ન ભણાવવો જેવી મહત્વપૂર્ણ ઘટનાઓનો ડૉ. મનીષ સોલંકીએ જાતે જ સ્વીકાર કરેલ છે. ડૉ. પારૂલ પોપટને અયોગ્ય સ્પર્શ કરવા અંગેના સીસીટીવી કુટેજ ઈન્ટરનલ સમિતી દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે, તથા ડૉ. મનીષ સોલંકીને પણ તે સીસીટીવી કુટેજ બતાવવામાં આવેલ છે. કેટલીક ઘટનાઓના પ્રત્યક્ષદર્શી સાક્ષી વિદ્યાર્થીઓ છે જે દર્શાવે છે કે વિદ્યાર્થીઓની સામે બનેલી આ ઘટનાએ વિશ્વવિદ્યાલયની ગરીમાને પણ ઠેશ પહોંચાડેલ છે. ડૉ. મનીષ સોલંકી દ્વારા ડૉ. પારૂલ પોપટ વિષે એક મહિલાની ગરીમાને નુકશાન કરે તેવા

શબ્દોનો પ્રયોગ પણ કરવામાં આવેલ છે. આમ ડૉ. મનીષ સોલંકી દ્વારા સતત લાંબા સમય સુધી ડૉ. પારૂલ પોપટને પ્રતાડીત કરવામાં આવેલ છે.

કાર્યસ્થળ ઉપર મહિલા ઉત્પીડનને રોકવા તથા આ બાબતની ફરીયાદોના નિવારણ માટે તા. ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: III-સેકશન ૪ **University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higher education institution) Regulations, 2015** ના મુદ્દા નં. ૪ અન્વયે બનેલ આ વિશેષ સમિતી છે. જેના સભ્યોમાંથી અડધા કરતા વધારે મહિલાઓ છે અને જે સમિતીના અધ્યક્ષા (presiding officer) પણ મહિલા જ છે. ઈન્ટરનલ સમિતી દ્વારા સર્વાનુમતે રીપોર્ટ તૈયાર કરી મા. કુલપતિશ્રીને સંબોધીને સીલ બંધ કવરમાં કુલસચિવશ્રીને જમાં કરવામાં આવેલ છે, જેથી આ હકીકતોને ધ્યાને લઈ તા. ૦૨/૦૫/૨૦૧૬ ના **The Gazette of India** માં પ્રસિધ્ધ થયેલ મુદ્દા નં. ૮(૫) અન્વયેની ડૉ. મનીષ સોલંકીની અપીલ રદ્દ કરવામાં આવે છે.

૦૩) એક્ઝીક્યુટીવ કાઉન્સીલના ધ્યાને મુકવામાં આવેલ છે કે, તા. ૨૫/૦૬/૨૦૨૬ના રોજ ડૉ. મનીષ સોલંકીને રીપોર્ટની નકલ, ઈન્ડેક્ષની નકલ તથા ઈન્ડેક્ષ અનુસારના તમામ રેકર્ડ પુરા પાડવામાં આવેલ છે. વધુમાં, ડૉ. મનીષ સોલંકીને ઈન્ટરનલ સમિતી દ્વારા જ તમામ રેકોર્ડ પુરો પાડવામાં આવેલ છે, જે તમામ રેકર્ડ હાલ યુનિવર્સિટીના એકેડેમીક વિભાગ પાસે છે, જેથી પ્રમાણીત કરવાના કારણસર **POSH ACT** અંતર્ગતની કાર્યવાહી વિલંબીત કરી શકાય નહીં.

૦૪) એક્ઝીક્યુટીવ કાઉન્સીલ, ઈન્ટરનલ સમિતી દ્વારા કરવામાં આવેલ ભલામણ નં **7 a** અને **7 d** નો આ તબક્કે સ્વીકાર કરે છે. **7 b** અને **7 c** ની ભલામણને હાલના તબક્કે સ્વિકારી શકાય નહીં કારણ કે ડૉ. મનીષ સોલંકીની ફરીયાદ અન્વયે ડૉ. પારૂલ પોપટ વિરૂધ્ધ હાલમાં તપાસ ચાલુ છે. જેથી ભલામણ **7 b** અને **7 c** અંગેના આ નિર્ણયની જાણ ઈન્ટરનલ સમિતીના પ્રિસાઈર્ડીગ ઓફીસર ગેડમને તા. ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: **III** -સેકશન ૪ **University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higher education institution) Regulations, 2015** ના મુદ્દા નં ૮(૬) અન્વયે કરવાની રહેશે.

૦૫) ઈન્ટરનલ સમિતીના રીપોર્ટની ભલામણ **7 a** ને ધ્યાને લઈ અત્રે એ નોંધનીય છે કે, તા. ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: **III** -સેકશન ૪ **University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higher education institution) Regulations, 2015** ના મુદ્દા નં ૧૦(૧) ધ્યાને લઈ સર્વિસ રૂલ ધ્યાને લેવાના થાય જેથી "ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટી યુનિફોર્મ સ્ટેચ્યુટ, ૨૦૨૪ ના **CHAPTER XVII (GOVERNING TERMS AND CONDITIONS OF SERVICE OF TEACHERS WORKING IN UNIVERSITY SCHOOLS, UNIVERSITY DEPARTMENTS, AFFILIATED / CONDUCTED / CONSTITUENT COLLEGES AND UNIVERSITY INSTITUTIONS)** ના સેકશન **176** અંતર્ગત ડૉ. મનીષ સોલંકી **"MISCOUNDUCT"** માટે દોષીત ઠરેલ છે. સેકશન **176 (xiv) Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition, Redressal) Act, 2013** અને તેના વખતો વખતના સુધારા અંગે છે. ડૉ. મનીષ સોલંકી માટે ઈન્ટરનલ

સમિતી દ્વારા કરવામાં આવેલ "Compulsory Retirement" ની ભલામણ સેકશન 178 (b)(iii) મુજબની છે. જેથી હવે તા. ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ભારતીય રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ભાગ: III - સેકશન ૪ University Grants Commission (Prevention, prohibition and redressal of sexual harassment of women employee and students in Higher education institution) Regulations, 2015 ના મુદ્દા નં ૮(૬) અન્વયે ડૉ. મનીષ સોલંકીને Show-Cause Notice આપી ૧૦ દિવસની સમયમર્યાદામાં તેમનો આખરી જવાબ રજુ કરવાની તક આપવી જોઇએ. અને તેમનો આખરી જવાબ ધ્યાને લઈ ઈન્ટરનલ સમિતીની ભલામણ 7 a અંગેનો અંતીમ નિર્ણય લેવો જોઈએ.

૦૬) એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યો ઠરાવે છે કે, ઈન્ટરનલ સમિતીની ભલામણ 7 d અન્વયે પરીપત્ર કરી મહિલા સંબધીત ફરીયાદો અંગેની કાર્યવાહી ઝડપી કરવા તમામ વિભાગોના અધ્યક્ષશ્રીઓને તથા વહીવટી વડાશ્રીઓને સુચના આપવી.

એક્ઝીક્યુટીવ કાઉન્સીલ દ્વારા ધ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીસ્ એકટ ૨૦૨૩ ના સેકશન 17(1)(u) તથા 20(q) ને પણ વંચાણે લેવામાં આવેલ છે.

કુલસચિવ

નંબર: કે.૧/૨૬૦૨
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ૧૭/૦૭/૨૦૨૬

પ્રતિ,
એક્ઝીક્યુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ જોગ.